**વિષય :** માતર તાલુકામાં ભારત ઓમાન રીફાઈનરી લી ની પસાર થતી પાઈપલાઈનમાં આવતી સરકારી જમીનનું ભાડું ૨.૫ ટકા લેખે લેવાના બદલે એકી સાથે એક વખત ૧૦ ટકા લેખે વસુલ કરવાના હુકમ તથા જમીનના મુલ્યાંકન કરવા બાબત.

નં.જમન-૪/ભારત ઓમાન/વશી/ ૧૪૪૧ થી ૧૪૫૦
જિલ્લા કલેક્ટરની કચેરી
નડીઆદ. તા.૧૫/૫/૦૮.

**વંચાણમાં લીધા :**
(૧) ભારત ઓમાન રીફાઈનરી લી.ના મેનેજરશ્રી, અમદાવાદના પત્ર ક્રમાંક:બીઓઆરએલ/કેમ્એચડી/કલેકટર/૨૦૦૧ તા.૨૧/૦૬ તથા તા.૨/૩/૦૬
(૨) અત્રેના હુકમ નં.જમન/માતર/ભારત ઓમાન/વશી/૪૬૮/૮૯ તા.૨૯/૪/૯૮
(૩) મામલતદારશ્રી, માતરના પત્ર નં.જમન/મુલ્યાંકન/વશી ૪૮૦૪/૦૭ તા.૮/૧૦/૦૭
(૪) જિલ્લા મુલ્યાંકન સમિતિની તા.૧૦/૧/૦૮માં ઠરાયેલ જમીનોની કિંમતનો ઠરાવ/કાર્યવાહી નોંધ
(૫) ભારત ઓમાન રીફાઈનરી લી.ના પ્રોજેકટ લીડર અમદાવાદના પ્ર નં.ઈ એન્ડ પીવીબીપીએલ/એએચડી/૦૨-૦૬-૦૭ તા.૧૯/૩/૦૮.
(૬) સરકારના મ.વિ.ના ઠરાવ ક્રમાંક: ભરજ-૧૦૯૭-૨૮૨૦-ક તા.૩૦/૭/૯૯

**હુ ક મ :**

માતર તાલુકાની પુનાજ, અસલાલી, નધાનપુર તેમજ માર્ફીયેલ ગામોની સરકારી જમીનમાંથી ભારત ઓમાન રીફાઈનરીની પાઈપલાઈનમાં આવતી જમીનો અંગે ૨.૫ ટકા લેખે વાર્ષિક ભાડું લેવા અંગે આમુખ-૨ના વંચાણમાં લીધેલા હુકમથી અત્રેથી પરવાનગી આપવામાં આવેલ છે.

આમુખ-૧ના વંચાણમાં લીધેલ મેનેજરશ્રી ભારત ઓમાન રીફાઈનરી અમદાવાદના અરજીથી જમીનનું ભાડું દર વર્ષે ૨.૫ ટકા લેખે લેવાના બદલે એક વખત ૧૦ ટકા લેખે એકી સાથે ભાડું લેવા અને વપરાશી હકકથી પરવાનગી મેળવવા વિનંતી અરજી કરેલ છે.

માતર તાલુકાની નીચે જણાવેલા ગામોની સરકારી/ગૌચર જમીનમાંથી ક્રુડ ઓઈલ પાઈપ લાઈન પસાર થાય છે. આ સ.નં./બ્લોક વાળી જમીનોનો વપરાશી હકકથી મંજુરી માગેલ છે.

| અ.નં. | ગામનું નામ | બ્લોક નં. | વપરાશી હકકથી જમીનનું ક્ષેત્રફળ | જમીનનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | અસલાલી | ૮૪ | ૦.૨૨.૮૦ | ખરાબો |
| | | ૮૩ | ૦.૧૯.૬૮ | " |
| | | | ૦.૪૨.૪૮ | |
| ૨ | નધાનપુર | ૧૫૬ | ૦.૦૫.૭૨ | ગૌચર |
| | | (સ.નં.૧૨૪) | ૦.૧૧.૨૭ | " |
| | | | ૦.૧૬.૯૯ | |

RECEIVED ON 26 MAY 2008

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | માછીયેલ | ૧૧૮૧ | ૦.૦૪.૭૯ | સરકારી પડતર |
| ૪ | પુનાજ | ૨૪૩ | ૦.૩૧.૪૩ | ગૌચર |
| | | ૧૮૬ | ૦.૧૮.૪૩ | " |

ઉપરોકત માગણીવાળી જમીનનું મુલ્યાંકન કરવા અંગેની દરખાસ્ત મામલતદારશ્રી.માતરનાએ આમુખ–૩ના વંચાણમાં લીધેલા પત્રથી અત્રે મોકલી આપેલ છે.

જિલ્લામુલ્યાંકન સમિતિ નડીઆદની તા.૧૦/૧/૦૮ની બેઠકમાં માંગણીવાળી જમીનોની નીચે જણાવ્યા પ્રમાણેની હાલની બજાર કિંમત ઠરાવેલ છે.

નધાનપુરા ગામની રૂા.૧૫૦/–, અસલાલી ગામની રૂા.૧૫૦/–, પુનાજ ગામની રૂા.૯૫/– તેમજ માછીયેલ ગામની હાલની બજાર કિંમત મુજબ રૂા.૯૫/– પ્રતિ ચો.મી.એ ઠરાવેલ છે. આ મુજબ સવાલવાળી જમીનોની વપરાશી હકકની બજાર કિંમત પ્રમાણે એકી સાથે ૧૦ ટકા રકમ ચલનથી જમા કરાવવા ભારત ઓમાન રીફાઈનરી લી.અમદાવાદને અત્રેના તા.૫/૨/૦૮ના પત્રથી જણાવેલ.

આ મુજબ આમુખ–૫ના વંચાણમાં લીધેલા ભારત–ઓમાન રીફાઈનરી લી.ના તા.૧૯/૩/૦૮ના પત્રથી નીચે જણાવેલ વિગતોએ "૦૦૨૯ જમીન મહેસુલ" સદરે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા માતરની શાખામાં ચલણથી નાણાં જમા કરાવેલ છે. જેના ચલનો ભરેલા અત્રે મોકલી આપેલ છે.

| | | રકમ રા. | નાણાં જમા કરાવ્યાની વિગત |
|---|---|---|---|
| (૧) | પુનાજ | ૪૭,૪૪૪/– | ચલણ નં.૧૬૩ તા.૧૨/૩/૦૮ |
| (૨) | અસલાલી | ૯૭,૯૨૦/– | ચલણ નં.૧૬૫ તા.૧૨/૩/૦૮ |
| (૩) | નધાનપુરા | ૪૫,૪૦૫/– | ચલણ નં.૧૬૪ તા.૧૨/૩/૦૮ |
| (૪) | માછીયેલ | ૩,૮૫૭/– | ચલણ નં.૧૬૨ તા.૧૨/૩/૦૮ |

ઉકત હકીકતે જણાવેલ જમીનોના આ સાથેના પત્રક અમો જણાવ્યા અનુસાર, આમુખ–૬ના વંચાણમાં લીધેલા સરકારના મ.વિ.ના ઠરાવની સુચનાઓ મુજબ ગ્રામ પંચાયત હસ્તકની ગૌચર/સરકારી જમીનોમાંથી ક્રુડ ઓઈલ પાઈપ લાઈન પસાર થતી હોવાથી નીચેની વધારાની શરતોને આધિન રહીને આથી ભારત ઓમાન રીફાઈનરીઝ લી. અમદાવાદને ક્રુડની પાઈપલાઈન નાખવા માટેના વપરાશી હક આપવા આથી હુકમ કરવામાં આવે છે.

**શરતો :**

(૧) ભારત ઓમાન રીફાઈનરી લી.અમદાવાદે જમીનનો કબજો મેળવતા પહેલાં મામલતદારશ્રી રુબરુ એગ્રીમેન્ટ આપવાનું રહેશે.

(૨) કંપનીએ જમીનની સપાટીથી દોઢ મીટરથી વધુ ઉડાઈએ ક્રુડ પાઈપલાઈન નાખવાની રહેશે.

(૩) વપરાશી હકક આપવામાં આવેલ જમીનમાં કે તેની આજુબાજુ નજીકમાં સિંચાઈ તળાવ આવેલ હશે તો તેનું પાણી દુષિત ન થાય તે માટે ખાસ સાવચેતીના પગલાં લેવાના રહેશે તથા કોઈપણ ઓઈલ લીકેજ ન થાય તે રીતે પાઈપ લાઈન નાખવાની રહેશે.

(૪) રસ્તા ડેમેજની જે કંઈ રકમ કાર્યપાલક ઈજનેરશ્રી નકકી કરે તે ભરપાઈ કરવાની રહેશે.

(૫) પાઈપ લાઈન નાખવાથી સરકારી કે સાર્વજનિક મિલ્કતને કોઈપણ નુકશાન થાય કે ભવિષ્યમાં કોઈ આગ અકસ્માતના પ્રસંગે માનવ કે પશુહાની થાય અગર સ્થાવર. જંગમ મિલ્કતને કોઈપણ જાતનું નુકશાન થાય તો તેની સઘળી જવાબદારી કંપનીની રહેશે અને નુકશાની કંપનીએ ભરપાઈ કરવાની રહેશે.

(૬) સવાલવાળી જમીનમાં અન્ય કોઈ પાઈપલાઈન હશે તો તેને અસર ન થાય તે રીતે પાઈપલાઈન નાખવાની રહેશે.

(૭) પ્રશ્નવાળી જમીનમાં પાઈપલાઈન નાખતી વખતે કાચી, પાકા રસ્તાને કોઈ નુકશાન થાય તો જે તે સ્થિતીમાં કરી આપવાની જવાબદારી અરજદાર કંપનીની રહેશે.

(૮) સરકારશ્રીએ ઉપરોકત જમીનોની સરકારી કે અન્ય સાર્વજનિક કામે જયારે જરૂર પડે ત્યારે વીના વળતરે સરકારશ્રીને પરત કરવાની રહેશે.

(૯) સવાલવાળી જમીનમાં ઝાડો આવેલ હશે તો તે કાપવાની જરુરીયાત ઉભી થાય તો તે અંગે અલાયદી મંજુરી મેળવવાની રહેશે.

(૧૦) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો કરી આપેલ એગ્રીમેન્ટમાં જણાયેલ શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થશે તો આપેલ મંજુરી રદ કરવામાં આવશે.

આ હુકમની સંબંધિત સરકારી દફતરે નોંધ રાખવી.

**રવાના કર્યુ**

**નિવાસી નાયબ કલેકટર**
**ખેડા–નડીઆદ**

**સહી/–**
**(મોહમદ સાહિદ)**
**કલેકટર**
**ખેડા–નડીઆદ**

**પ્રતિ,**
સીનીયર મેનેજરશ્રી,
ભારત ઓમાન રીફાઈનરી લી.
ઠે.૧૪–એ, કૃષ્ણ બંગલોઝ, પ્રહલાદ નગર, અમદાવાદ–૩૮૦૦૫૯

**નકલ રવાના:** કામના પ્રકરણના કાગળો સહિત (પાન-૧થી૧૦૯) **મામલતદારશ્રી, માતર તરફ.**

૨/– સવાલવાળી જમીનોનો કબજો અરજદારને કંપનીને સોંપી નિયત નમુનામાં એગ્રીમેન્ટ કરાવી કબજા પાવતી મેળવી તે અંગે જરુરી ફે.નોંધ પડાવી કબજા પાવતી તથા ફે.નોંધની નકલ સહીત અત્રે દિન–૧૫માં અહેવાલ મોકલી આપવા સારુ.

**નકલ જયભારતસહ રવાના :** નાયબ કલેકટરશ્રી ખેડા પ્રાન્ત તરફ જાણ સારુ.

**નકલ રવાના :** તાલુકા વિકાસ અધિકારીશ્રી, માતર તરફ

**નકલ જયભારતસહ રવાના :** ડી.આઈ.એલ.આર.ખેડા મુ.નડીઆદ તરફ

**નકલ રવાના :** તલાટી કમ મંત્રી, પુનાજ/અસલાલી/નધાનપુર/માછીયેલ તરફ જાણ તથા રેકર્ડમાં જરુરી ફે.નોંધ કરવા કાર્યવાહી કરવા સારુ.

# પત્રક – અ

માતર તાલુકાની જે સરકારી/ગૌચર જમીનમાંથી ભારત ઓમાન રીફાઈનરી લી. ક્રુડ ઓઈલ પાઈપ લાઈન પસાર થાય છે. જે જમીનો વપરાશી હકકથી આપેલ તેની વિગતનું પત્રક.

| અ.નં. | ગામનું નામ | બ્લોક/સ.નં. | જમીનનું કુલ ક્ષેત્રફળ હે.આ.પ્ર. | વપરાશી હકક માટે એકી સાથે ૧૦ ટકા મુજબ ભાડુ વસુલ આપેલ વપરાશી હકકની જમીનનું ક્ષેત્રફળ ચો.મી.માં. |
|---|---|---|---|---|
| ૧ | પુનાજ | ૨૪૩ | ૦.૭૭.૯૦ | ૩૧૪૭ ચો.મી. |
| ૨ | પુનાજ | ૨૪૬ | ૧.૨૫.૪૫ | ૧૮૪૭ ચો.મી. |
| ૩ | અસલાલી | ૮૪ | ૧.૯૮.૩૦ | ૨૨૮૦ ચો.મી. |
| ૪ | અસલાલી | ૮૩ | ૦.૮૮.૯૨ | ૧૯૬૮ ચો.મી. |
| ૫ | નધાનપુર | ૧૫૬ | ૦.૧૬.૧૯ | ૫૭૨ ચો.મી. |
| ૬ | અસલાલી | ૪૮૮ | ૦.૯૮.૧૪ | ૧૧૨૭ ચો.મી. |
| ૭ | માછીયેલ | ૧૧૮૧ | ૦.૦૭.૦૮ | ૪૦૬ ચો.મી. |